RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 30, Dt.16-04-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ક્ષત્રિયોના વિરોધ વચ્ચે શક્તિ પ્રદર્શન સાથે ઉમેદવારી નોંધાવતા રૂપાલા

## રૂપાલાના સમર્થનમાં વિશાળ રેલી યોજાઈઃ પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ ભરત બોઘરા સહિતના પદાધિકારીઓની ઉપસ્થિતિઃ બહુમાળી ચોક ખાતે જંગી જાહેરસભાને સંબોધતા રૂપાલા








(તસ્વીરઃ આનંદ જાવિયા)



**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કાની ૯૪ બેઠકો માટે ઉમેદવારી પત્રો રજુ કરવાની પ્રક્રિયા શરૂ થઇ ચૂકી છે. ગુજરાતની ૨૬ બેઠકો માટે ૭ જુને મતદાન છે. તા. ૧૨ થી ૧૯ એપ્રિલ ઉમેદવારી પત્રો રજુ કરવાનો સમય છે. ત્યારે આજે રાજકોટ લોકસભાના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ભારતીય જનતા પાર્ટીના કર્મઠ કાર્યકર્તા અને ખેડૂત આગેવાન પરશોતમભાઇ રૂપાલા આજે બપોરે વિજય મુહુર્તમાં રીટનીંગ ઓફીસર અને કલેકટર પ્રભવ જોશી સમક્ષ તેમનું નામાંકન ભર્યુ હતુ.

નામાંકન દિવસે રાજકોટ કમળમય બનશે. ભાજપના કાર્યકર્તાઓમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે. રાજકોટમાં સર્વત્ર કેસરીયો માહોલ છવાયો હતો. આ નામાંકન પત્ર પૂર્વે સવારે ૯:૦૦ કલાકે રાજકોટના જાગનાથ મંદિર ખાતેથી રેલી-પદયાત્રા પ્રારંભ થઈ બહુમાળી ભવન ચોક સુધી અનોખુ આયોજન કરવામાં આવેલ હોય, બહુમાળી ભવન ચોક ખાતે પરશોતમભાઈ રૂપાલાજીના સમર્થનમાં શહેર ભાજપ દ્વારા અદકેરૂ અભિવાદન કરવામાં આવશે જેમાં બહુમાળી ભવન ખાતે ડી.જે- બેન્ડની સુરાવલિઓ, નાસિક બેન્ડ, ઢોલ-નગારા, આતશબાજી, રાસગરબા મંડળી, પાર્ટીનો કેસરીયો ધ્વજ થકી કેસરીયો માહોલ સર્જાયો હતો. આ તકે ૧ હજારથી વધુ મહિલાઓ અને વિવિધ સમાજ-જ્ઞાતિના સમાજના આગેવાનો-પ્રતિનિધિઓ હજારોની સંખ્યામાં જોડાયા હતા. આ રેલી જાગનાથ મંદિરેથી પ્રારંભ થઈ બહુમાળી ભવન ચોક ખાતે સમાપન થઇ હતી.

બહુમાળી ભવન ચોક ખાતે સરદાર વલ્લભભાઈ પટેલને ફુલહાર કરી પરશોતમભાઈ રૂપાલા વિશાળ ભવિજય વિશ્વાસભ સંમેલનને સંબોધન કર્યુ હતુ. આ તકે પ્રદેશ ભાજપ અગ્રણીઓએ સંબોધન કર્યુ હતુ. આ કાર્યક્રમમાં પ્રદેશ ભાજપના આગેવાનો, સાંસદો, ધારાસભ્યો, શહેરના હોદેદારો, તમામ વોર્ડ સંગઠનના કાર્યકર્તાઓ, વિવિધ સમાજના આગેવાનો, સામાજિક-શૈક્ષણીક-સેવાકીય, એનજીઓના આગેવાનો, શહેરીજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ સભા બાદ રાજકોટ લોકસભાના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પરશોતમભાઇ રૂપાલાએ વિજય મુહુર્તમાં રીટનીંગ ઓફીસર અને કલેકટર પ્રભવ જોશી સમક્ષ તેમનું ઉમેદવારી પત્રક ભર્યુ હતુ. તેમના ટેકેદારો તરીકે પુર્વ મુખ્યમંત્રી તરીકે વિજયભાઇ રૂપાણી, કેબીનેટ મંત્રીઓ ભાનુબેન બાબરીયા અને કુંવરજીભાઇ બાવળીયા તથા પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ભરત બોઘરા સાથે રહ્યા હતા.

આ ઉપરાંત ડમી તરીકે સાસંદ મોહનભાઇ કુંડારીયાએ ફોર્મ રજુ કર્યુ હતુ. તેમના ટેકેદારો તરીકે શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, ધારાસભ્ય ઉદય કાનગડ, નરેન્દ્રસિંહ ઝાલા, હરેશ હેરભા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આજે ભાજપ દ્વારા નીયમ મુજબ ઉમેદવારનું ફોર્મ ભરવામાં આવ્યુ હતુ. આ ઉમેદવારી સમયે ઉમેદવારો, ટેકેદારો હાજર રહ્યા હતા.

# રાજ્યમાં ભારે હીટવેવની સંભાવના વચ્ચે સરકારે તૈયાર કર્યો એકશન પ્લાન

## ઝીરો કેઝયુઅલ્ટી એપ્રોચ સાથે માનવ જીવન અને પશુધનની સંપૂર્ણ રક્ષા સાથે એકશન પ્લાનનો અમલ થવો જોઈએઃ ભૂપેન્દ્ર પટેલ

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

રાજ્યમાં ઉનાળું હવે આકરુ બન્યું છે અને આગામી સમયમાં ભારે હીટવેવની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે. આવી પરીસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજય સ્તરે આગોતરું આયોજન કરાય તે માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને રાજયના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે એક ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં, ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા સંભવિત હીટવેવ સામે લડવાનો એકશન પ્લાન તૈયાર કરાયો છે.



આ હીટવેવ સામેની લડતમાં રાજય સરકારના મહત્વપૂર્ણ આઠ વિભાગોને સાંકળીને આ એકશન પ્લાન તૈયાર કરાયો છે. જેમાં (૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ (૨) શ્રમ અને રોજગાર (૩) પાણી પુરવઠા (૪) શિક્ષણ (૫) પ્રવાસન (૬) ઉર્જા (૭) પરિવહન અને (૮) શહેરી વિકાસ અને પંચાયત વિભાગનો સમાવેશ કરાયો છે.

ગાંધીનગર સ્થિતિ મુખ્યમંત્રીના નિવાસસ્થાને આ બેઠક યોજાઈ હતી. જેની વિગતો આપતાં રાહત કમિશ્નર આલોકકુમાર પાંડેએ જણાવ્યું હતું કે, રાજયમાં સંભવિત ભારે હીટવેવની પરીસ્થિતિમાં નાગરિકોએ શું કરવું અને શું ન કરવું ની માર્ગદર્શિકા અને એકશન પ્લાન અંગેની વિગતો રાજયના મુખ્ય નિર્વાચન અધિકારી મારફતે તમામ ૩૩ જિલ્લાના વહીવટીતંત્રને પુરી પાડવામાં આવી છે.

રાહત કમિશ્નર આલોક પાંડેએ કહ્યું હતું કે, મલ્ટીપરપઝ સાયકલોન સેન્ટર કાર્યરત કરવા, સેવાભાવી સંગઠનોને છાશ અને ઓઆરએસ વિતરણ જેવા રાહત કાર્યમાં જોડવા, હીટ સ્ટ્રોકના દર્દી માટે હોસ્પિટલમાં સ્પેશિયલ બેડ તૈયાર કરવા, પ્રવાસન સ્થળોને બપોરના સમયમાં બંધ રાખવા સહિતના સલામતી અને સાવચેતીના પગલાં માટે જરૂરી પ્રબંધ રાજય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે.વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને પરિણામે રાજયના અમુક વિસ્તારોમાં કમોસમી વરસાદ અને ઝાપટાની પ્રવર્તમાન પરીસ્થિતિને કારણે હીટવેવ આવતા નથી. છતાં જો હીટવેવ આવે તો રાજય સરકાર ઈફેકટીવ એકશન પ્લાન સાથે તૈયાર છે.

બેઠકમાં મુખ્યમંત્રીના અગ્ર મુખ્ય સચીવ કે. કૈલાશનાથન, મુખ્ય સચિવ રાજકુમાર, બંદરો અને વાહન વ્યવહાર વિભાગના અધિક મુખ્ય સચીવ એમ.કે.દાસ, ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચીવ એસ.જે.હૈદર, પ્રવાસન વિભાગના સચીવ હરિત શુકલા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અગ્ર સચીવ અશ્વિનીકુમાર, આરોગ્ય વિભાગના અગ્ર સચીવ ધનંજય દ્વિવેદી, આરોગ્ય વિભાગના કમિશ્નર હર્ષદ પટેલ સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નશાબંધીનો કાયદો ગુજરાતમાં ફકત કહેવા પુરતોઃ ૨૨ કરોડનો દારૂ જપ્ત કરાયો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણી આચાર સંહિતા અંતર્ગત મતદારોને લોભ-લાલચ આપવાના ઉપયોગમાં લેવાતી ચીજો જપ્ત કરવામાં આવી રહી છે અને તેમાં દારૂનો મોટો હિસ્સો છે. મહત્વની વાત એ છે કે નશાબંધીનો કડક કાયદો ધરાવતા ગુજરાતમાંથી જ મોટી માત્રામાં શરાબ જપ્ત થયો છે.ઉપરાંત દારૂબંધી ધરાવતા બિહારનું નામ પણ આવા નટોપ-૧૧થ રાજયોમાં સામેલ છે.

ચૂંટણી પંચનાં રીપોર્ટ પ્રમાણે લોકસભા ચૂંટણી આચારસંહીતા લાગુ થયા બાદ અત્યાર સુધીમાં ગુજરાતમાંથી ૭,૬૦,૧૬૨ લીટર દારૂ જપ્ત થયો છે.સૌથી વધુ શરાબ પકડાયો હોય તેવા રાજયોમાં ગુજરાત ૧૧ માં સ્થાને છે.

પકડાયેલા દારૂનું મુલ્ય ૨૧.૯૪ કરોડ થવા જાય છે. પોલીસ, રેલવે તથા આબકારી વિભાગની જુદી જુદી કાર્યવાહીમાં આ શરાબ પકડાયો છે. બિહારમાં રૂા.૩૧.૫૭ કરોડનો ૮,૪૫,૭૫૮ લીટર દારૂ પકડાયો છે. દેશમાં સૌથી વધુ ૧૨૪.૩૩ કરોડનો ૧૦.૩ કરોડ લીટર દારૂ કર્ણાટકમાંથી જપ્ત કરવામાં આવ્યો છે. ગુજરાતમાં ચૂંટણી પંચ દ્વારા ૭૫૬ ફલાઈંગ સ્કવોડ રચવામાં આવી છે અને વિવિધ સરકારી એજન્સીઓ મારફત સંકલન સાધીને રોકડ, સોનુ-ચાંદી, દારૂ અને અન્ય ચીજો પર વોચ રાખે છે. મતદારોને લાલચ આપવા માટે વપરાતી ચીજો જપ્ત કરવામાં આવે છે.

ચૂંટણી પંચના કહેવા પ્રમાણે સમગ્ર દેશમાંથી વિવિધ તપાસ એજન્સીઓને ૩૯૫.૭૯ કરોડની રોકડ જપ્ત કરી છે.૩.૫૮ કરોડ લીટર દારૂ પકડાયો હતો. તેની કિંમત ૪૮૯,૨૧ કરોડ થવા જાય છે. ૫૬૨.૧૦ કરોડના સોના-ચાંદી તથા ૧૦૪૨.૪૯ કરોડની અન્ય ચીજો જપ્ત કરવામાં આવી છે.

# બાબા રામદેવની માફી સ્વીકારવાનો સુપ્રીમ કોર્ટે કર્યો ઈન્કાર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પતંજલિ ભ્રામક જાહેરાત મામલે આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણ કોર્ટમાં હાજર થયા હતા. બાબા રામદેવે સુપ્રીમ કોર્ટમાં બિનશરતી માફી માંગી. જસ્ટિસ હિમા કોહલી અને અહસાનુદ્દીન અમાનુલ્લાહની બેંચ આ કેસની સુનાવણી કરી રહી છે. ગત સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે બાબા રામદેવની સાથે સાથે સરકારને પણ ફટકાર લગાવી હતી. સુપ્રીમ કોર્ટે પણ બાબા રામદેવની માફી સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો અને કાર્યવાહી કરવા જણાવ્યું હતું. હવે આ કેસમાં ૨૩મી એપ્રિલે સુનાવણી કરવામાં આવશે.



સુપ્રીમ કોર્ટમાં સુનાવણી શરૂ થયા બાદ બાબા રામદેવના વકીલ મુકુલ રોહતગીએ કહ્યું- અમે બિનશરતી માફી માગીએ છીએ. આના પર જસ્ટિસ હિમા કોહલીએ બાબા રામદેવને પૂછ્યું કે, પશું તમે જે પણ કર્યું છે તેને માફ કરી દેવું જોઈએ. જવાબમાં બાબા રામદેવે કહ્યું કે, પહું કહેવા માંગુ છું કે અમે જે પણ ભૂલ કરી છે તેના માટે અમે બિનશરતી માફી માંગીએ છીએ.

જસ્ટિસ હિમા કોહલીએ કહ્યું કે, પઅમે તમને હજુ સુધી માફી નથી આપી. અમે વિચારીશું. જો કંપનીની કિંમત આટલા કરોડની હોય તો તેમે આ કામ ન કર્યું હોત.થ બાબા રામદેવે કહ્યું કે, પફરી આવું નહીં થાય. કોર્ટે કહ્યું કે, અમે હજુ સુધી અમારું મન નથી બનાવ્યું કે તમને માફ કરીશું કે નહીં. તમે એક વાર નહિ પણ ત્રણ વાર ઉલ્લંઘન કર્યું છે.

# મુંબઈમાં સલમાન ખાનના ઘર પર ફાયરિંગ કરનાર લોરેન્સ ગેંગના બે સાગરીતો કચ્છથી ઝડપાયા

**મુખ્ય સમાચાર, ભૂજ**

બોલીવુડના દબંગ અભિનેતા સલમાન ખાનના નિવાસસ્થાન પર ફાયરીંગની ઘટનાના ગણત્રીના કલાકોમાં જ પોલીસ દ્વારા કચ્છમાંથી લોરેન્સ બીશ્નોઈ ગેંગના બે શુટરોની ધરપકડ કરવામાં આવી છે. ગોળીબાર કર્યા બાદ કચ્છમાં છુપાઈ ગયા હતા. બન્ને પાસેથી હથીયાર મેળવવા સહિતની બાબતોએ અનેક પુછપરછ કરવામાં આવી રહી છે. બન્નેને મુંબઈ લઈ જવામાં આવ્યા છે.

બોલીવુડ અભિનેતા સલમાન ખાનના મુંબઈ ખાતે ગેલેકસી એપાર્ટમેન્ટના નિવાસસ્થાન ઉપર રવિવારે ગોળીબારની ઘટના બની હતી. બાઈક સ્વાર બે શખ્સોએ સલમાનના ઘર પર ગોળીઓ છોડી હતી અને ફરાર થઈ ગયા હતા. આ ઘટનાની તપાસ મુંબઈ ક્રાઈમ બ્રાંચને સોંપવામાં આવી હતી.



સીસીટીવી ફુટેજ સહિતની બાતમીના આધારે મુંબઈ ક્રાઈમ બ્રાંચની ટીમ કચ્છમાં ત્રાટકી હતી અને મોડી રાત્રે ભુજ ખાતેથી બે શખ્સોની ધરપકડ કરી હતી. પકડાયેલા બે શખ્સોમાં એક હરિયાણાનો વીકી ગુપ્તા તથા બીજો બિહારનો સાગર પાલ હોવાનું બહાર આવ્યું છે. પોલીસની પ્રાથમિક પુછપરછમાં બન્ને શખ્સોએ કહ્યું કે સલમાનના નિવાસે ગોળીબાર કર્યા બાદ તેઓએ પીસ્તોલ સુરતની નદીમાં ફેંકી દીધી હતી. હથીયાર કબ્જે કરવા માટે પોલીસ દ્વારા કવાયત શરૂ કરવામાં આવી છે અને કોના કહેવાથી ગોળીબાર કર્યો સહિતના મુદ્દે તપાસ શરૂ કરવામાં આવી છે.

પોલીસના સુત્રોએ જણાવ્યું કે, મોડી રાત્રે ભુજથી બન્ને શખ્સોની ધરપકડ કરવામાં આવ્યા બાદ હવે મુંબઈ પોલીસને તેમનો કબ્જો સોંપી દેવામાં આવશે અને બન્નેને મુંબઈ લઈ જવામાં આવશે. મુંબઈ અદાલતમાં પેશ કરીને રીમાન્ડ માંગવામાં આવશે. ૅલીસના સુત્રોએ જણાવ્યું કે, પકડાયેલા બન્ને શખ્સો કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બીશ્નોઈ ગેંગના સભ્યો છે. ગોળીબારના બનાવ બાદ બન્ને મુંબઈથી નાસી ગયા હતા અને કચ્છમાં છુપાયા હતા. પોલીસે બન્નેની ધરપકડ કરવા માટે એક ડઝનથી વધુ ટીમો બનાવી હતી. બિહાર, રાજસ્થાન, દિલ્હી અને ગુજરાત સુધી તપાસ કરવામાં આવી હતી અને તે દરમ્યાન કચ્છમાંથી બન્નેને પકડી લેવામાં આવ્યા છે.

પોલીસના સુત્રોએ જણાવ્યું કે, બન્ને શખ્સો એક મહિના પૂર્વે જ મુંબઈ આવ્યા હતા અને સલમાનના નિવાસની ચાર વખત રેકી કરવામાં આવી હતી. મુંબઈના પનવેલમાં ભાડાની રૂમમાં તેઓ રહેતા હતા.

# ઈરાન-ઈઝરાયલ તણાવની અસર, પેટ્રોલ-ડીઝલ મોંઘા થવાની ભીતિ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધની સ્થિતિ વણસી રહી છે, જેથી બજારમાં ક્રૂડના ટોચના ઉત્પાદકો પૈકી એક ઓપેક દેશોમાં ક્રૂડના પુરવઠા પર અસર થવાની ભીતિ જોવા મળી છે. કોમોડિટી નિષ્ણાતોએ ઈરાન-ઈઝરાયલ વચ્ચે તણાવ વધે તો ક્રૂડ ૧૦૦ ડોલર પ્રતિ બેરલની સપાટીએ પહોંચવાની શક્યતા દર્શાવી રહ્યા છે. ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો નોંધાતા ૮૦ ટકા આયાત પર નિર્ભર ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવોમાં વધારો થવાની સંભાવના વધી છે.

ઉલ્લેખનીય છે, ઉત્પાદકોએ ઈઝરાયલ પર ઈરાનના હુમલાના પગલે રિસ્ક પ્રીમિયમ ઘટાડતાં આજે ક્રૂડના ભાવોમાં ઘટાડો જોવા મળ્યો હતો. જૂન માટે બ્રેન્ટ ફ્યુચર્સ ૨૪ સેન્ટ ઘટી ૯૦.૨૧ ડોલર પ્રતિ બેરલ જ્યારે વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમિડિયેટ ફ્યુચર્સ મે વાયદો ૩૮ સેન્ટ ઘટી ૮૫.૨૮ ડોલર પ્રતિ બેરલે પહોંચ્યું હતું. દેશમાં પેટ્રોલ-ડિઝલના ભાવો ક્રૂડ ઓઈલની વધ-ઘટના આધારે નિર્ધારિત થાય છે.



ઈરાનના ઈઝરાયલ હુમલા બાદ ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહૂએ તાત્કાલિક બેઠક બોલાવી હતી. જેમાં તમામ નેતાઓ જવાબી કાર્યવાહી કરવા સમર્થન આપ્યું છે. અમેરિકાએ પણ આ સંકટને એલર્ટ મોડ પર મૂક્યું છે. ઈઝરાયલે યોગ્ય સમયે જવાબ આપવાની ચેતવણી આપી છે.

એકંદરે, વધતા તણાવને પગલે આજે ભારત સહિત વૈશ્વિક બજારોમાં સાવચેતીના વલણ સાથે વેચવાલી જોવા મળી હતી. પરિણામે વોલેટિલિટી વધી છે. નિષ્ણાતોના મતે વધતા તણાવમાં ક્રૂડ ઓઇલના ભાવમાં ઝડપી વધારો નોંધાઈ ૧૦૦/બેરલ સુધી પણ પહોંચી શકે છે.

અર્થશાસ્ત્રીના જણાવ્યા પ્રમાણે, ''ઈરાનના હુમલાના લીધે ઈઝરાયલ અને ઈરાન વચ્ચે જિઓ પોલિટિકલ ક્રાઈસિસમાં વધારાના લીધે શેરબજારમાં અસ્થિરતા વધશે. ઓઈલના ભાવ ૧૦૦ પ્રતિ બેરલ સુધી વધી શકે છે. જેના વેચાણમાં વધારો થશે. ઇઝરાયલ-ઇરાન યુદ્ધના કારણે બ્રેન્ટ ક્રૂડ ઓઇલના ભાવ લગભગ છ મહિનાના ઉચ્ચ સ્તરે છે. લગભગ ૩ મિલિયન બેરલ પ્રતિ દિવસ (ળબ/મ)ના ક્રૂડ ઓઇલના ઉત્પાદન સાથે (વૈશ્વિક ઉત્પાદનના લગભગ ૩ ટકા) ઈરાન એ ટોચનો ક્રૂડ ઉત્પાદક અને નિકાસકાર છે.

# દેશમાં આ વર્ષે લા નીનાની અસરને કારણે ચોમાસું સારું રહેશેઃ હવામાન વિભાગની આગાહી

## દેશના ૨૫ રાજ્યમાં વધુ, ચારમાં સામાન્ય અને ઓછો વરસાદ પડશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય હવામાન વિભાગ (IMD) ખેડૂતો માટે આનંદના સમાચાર લઈને આવ્યું છે. ઈખઉની આગાહી મુજબ દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની સિઝનમાં ભારે વરસાદ પડવાની સાથે સરેરાશ કરતા વધુ વરસાદ પડવાની સંભાવના છે. આ કારણે ભારતની અર્થવ્યવસ્થાનું મહત્વનું અંગ કહેવાતા કૃષિ ક્ષેત્રને વધુ વેગ મળશે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ દેશભરમાં જૂનથી સપ્ટેમ્બરમાં ચોમાસાનો સમયગાળો લાંબો રહેવાનો છે, જેમાં લગભગ ૧૦૬ ટકા વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. માત્ર પાંચ ટકા જ વરસાદમાં વધ-ઘટ થવાની આશા છે. આ વર્ષે સામાન્ય કરતા વધુ વરસાદ પડી શકે છે. ચોમાસું સામાન્ય રીતે કેરળ થઈને એક જૂનની આસપાસ ભારતમાં આવે છે. ચાર મહિનાના વરસાદ પછી એટલે કે સપ્ટેમ્બરના અંતમાં તે રાજસ્થાન થઈને વિદાય લે છે.




હવામાન વિભાગે કહ્યું કે, અલ નીનોની સ્થિતિ ધીમે ધીમે નબળી પડી રહી છે, જેના કારણે લા નીનાની અસર ઓગસ્ટ-સપ્ટેમ્બર વચ્ચે શરૂ થઈ શકે છે. આ જ કારણે ચોમાસામાં વધુ વરસાદ પડવાની શક્યતા છે. ચોમાસાની ગતિ શરૂઆતમાં (જૂન-જુલાઈ)માં ધીમી રહેશે, પરંતુ બીજા તબક્કામાં (ઓગસ્ટ-સપ્ટેમ્બર) તેની ભરપાઈ થશે. વર્ષ ૧૯૭૧થી ૨૦૨૦ સુધીના ૫૦ વર્ષના ડેટા મુજબ આ વર્ષે ૮૭ સેન્ટીમીટર વરસાદ પડી શકે છે.

આગાહી મુજબ કેરળ, તમિલનાડુ, કર્ણાટક, તેલંગાણા, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, પંજાબ, ચંડીગઢ, હરિયાણા, દિલ્હી, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, મેઘાલય, અરૂણાચલ પ્રદેશ, પુડુચેરી, આંદામાન અને નિકોબાર ટાપુઓ, લક્ષદ્વીપ, દાદરા અને નગર હવેલી, દમણ-દીવમાં સામાન્ય કરતા વધુ વરસાદની આગાહી કરાઈ છે, જ્યારે છત્તીસગઢ, હિમાચલ, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં સામાન્ય વરસાદ તેમજ ઓડિશા, આસામ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં સામાન્યથી ઓછો વરસાડ પડવાની આગાહી કરાઈ છે.હવામાન વિભાગ ચોમાસાની સંશોધિત સ્થિતિ અંગે મે-૨૦૨૪ના છેલ્લા અઠવાડિયામાં એક આગાહી જાહેર કરશે. આઈએમડી દ્વારા જાહેર કરાતી આગાહી કૃષિ ક્ષેત્ર માટે ખૂબ જ મદદગાર સાબિત થાય છે. આ ઉપરાંત ખેડૂતોને પણ યોગ્ય નિર્ણય લેવામાં મદદ મળે છે. આ અગાઉ ૯મી માર્ચે ખાનગી હવામાન એજન્સી સ્કાયમેટે સામાન્ય ચોમાસાની આગાહી જાહેર કરી હતી, જેમાં જૂનથી સપ્ટેમ્બર સુધીના ચાર મહિનામાં ૯૬થી ૧૦૪%ની વચ્ચે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરી હતી.

# ટંકારામાં પાણી પુરવઠાના એરવાલ્વમાં ગેરકાયદેસર કનેક્શનો આપતા સુપરવાઈઝર વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, ટંકારા**

ટંકારા તાલુકાના મીતાણા નજીક ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ મોરબીના એરવાલ્વમાંથી ગામડાઓને પાણી પુરવઠા બોર્ડના ધારા ધોરણથી વધારે પાણી મળી રહે તે માટે અમુક સ્થાનિકો સાથે મળી પીવાના પાણી માટેના ગેરકાયદેસરના કનેક્શનો આપી પીવાના પાણીનો બગાડ કરતા સરકારી કોન્ટ્રાક્ટર હેઠળ નીમેલ સુપરવાઇસર વિરુદ્ધ ટંકારા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે આરોપી સામે આઇપીસી કલમ ૪૩૦ તથા ગુજરાત ધરવપરાશ પાણી પુરવઠા(સંરક્ષણ) અધીનીયમ ૨૦૧૯ તેમજ સાર્વજનીક મિલ્કતોને નુકશાન અટકાવવાનો અધિનિયમ હેઠળ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર વાંકાનેરના મહાદેવનગરમ રહેતા ગવર્નમેન્ટ એપ્રુવ્ડ કોન્ટ્રાક્ટર દિનેશભાઇ મગનભાઇ કણસાગરાએ ટંકારા પોલીસ મથકમાં મીતાણા હેડવર્ક સેકશન હેઠળ આવતા ગામડામાં પાણી પુરવઠા બોર્ડની કામગીરીનું સુપરવિઝન કરતા આરોપી પરસોતમભાઇ લવજીભાઇ સંઘાણી રહે.હરબટીયાળી તા.ટંકારા વિરુદ્ધ સરકારી એરવાલ્વમાં ગેરકાયદેસર કનેક્શનો આપતા હોય તે મુજબની ફરિયાદ નોંધાવી જાહેર કર્યુ છે કે આરોપી પરષોત્તમભાઈએ મીતાણા ગામ નજીકથી પસાર થતી ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ મોરબી હેઠળ આવતા હિરાપર થી હડાળા તરફ જતી પાણીની લાઈનના એરવાલ્વ નં.૩૦ તથા ૨૭ ઉપરથી ગામડાઓને બોર્ડના ધારા-ધોરણ કરતા વધુ પાણી મળી રહે તે હેતુથી તથા અમુક જગ્યાએ સ્થાનીક લોકો સાથે મળીને ગેરકાયદેસર પીવાના પાણીના કનેક્શન આપી છેવાડાના ગામોમા પાણી ઓછુ મળતુ હોય તે બાબત ફરિયાદીના ધ્યાને આવતા ગત તા.૨૪ ફેબ્રુઆરીના રોજ આ એરવાલ્વમાં આપેલ તમામ ગેરકાયદેસર કનેક્શનો દૂર કરાયા હતા.

ત્યારબાદ ફરીથી આરોપી પરસોતમભાઈ દ્વારા ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ મોરબી તથા રાજકોટ તરફથી રિપેરીંગ કરવા માટે ઇસ્યુ કરવામાં આવેલ પાઈપ બાબતે કોન્ટ્રાક્ટ એજન્સીને તથા બોર્ડને જાણ કર્યા વગર તે પાઈપના એરવાલ્વ નં.૨૭માં ગામડાઓને બોર્ડના ધારા-ધોરણ કરતા વધુ પાણી મળી રહે અને ત્ર્યંબક બલ્ક લાઈનનો પાણીનો પુરવઠો ઘટે તથા એરવાલ્વમાથી મિતાણા હેડવર્ક્સ ખાતે સંપમા વધુ પાણીની આવક થાય જેથી કરી તેઓને વધુ મહેનત ન કરવી પડે તેવા હેતુથી આરોપી દ્વારા આ પ્રકારનુ ગેરકાયદેસર કૃત્ય કરવામા આવેલ હોય જે મુજબની ફરિયાદ નોંધાવતા ટંકારા પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટ રેલવે ડીવીઝન દ્વારા બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિની ઉજવણી કરાઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા ભારત રત્ન ડો. બી. આર. આંબેડકરની ૧૩૩મી જન્મજયંતિની ઉજવણી રાજકોટ ખાતે આવેલ ઓફિસર્સ ક્લબ માં કરવામાં આવી હતી. આ કાર્યક્રમની અધ્યક્ષતા રાજકોટ ડિવિઝનના એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી કૌશલ કુમાર ચૌબેએ કરી હતી. એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર ચૌબેએ ડો. આંબેડકરની પ્રતિમાને પુષ્પહાર કરીને અને દીપ પ્રગટાવીને તેમના ગુણોને યાદ કર્યા હતા અને શ્રદ્ધાંજલિ આપી હતી. આ પ્રસંગે બોલતા ચૌબેએ ભારતીય બંધારણના નિર્માતા ડો. આંબેડકરને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને બંધારણ ઘડવામાં તેમના અનન્ય યોગદાનને યાદ કર્યું હતું. આ પ્રસંગે સીનિયર ડીસીએમ સુનિલ કુમાર મીના, વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી મનીષ મહેતા સહિત વિવિધ વિભાગોના વરિષ્ઠ રેલવે અધિકારીઓ, ટ્રેડ યૂનિયન, એસસી/એસટી અને ઓબીસી એસોસિએશન ના પદાધિકારી તેમજ મોટી સંખ્યામાં રેલવે કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને બાબા સાહેબ ના વિચારોનું મંથન કર્યું હતું.

# રાજ્યભરમાં નમો કિસાન સ્પોર્ટસ, ખાટલા બેઠક, ખેડૂત સંમેલન યોજવામાં આવશેઃ વિજયભાઈ કોરાટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને ગુજરાત રાજ્યમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં કુશળ સંગઠન અને પેઇઝ સમિતિના પ્રણેતા ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલના માર્ગદર્શન હેઠળ ગુજરાતે વિકાસની હરણફાળ ભરીને સૌનો સાથ સૌનો વિકાસના મંત્રને ચરિતાર્થ કર્યો છે. આગામી ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી અંતર્ગત ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો ૫ લાખથી ઉપરની લીડથી વિજેતા બને તે માટે ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલના માર્ગદર્શન અને ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચાના અધ્યક્ષ હિતેશભાઈ પટેલ, મહામંત્રીઓ હિરેનભાઈ હીરપરા, સરદારભાઈ ચૌધરીના નેતૃત્વમાં પ્રદેશ કિસાન મોરચા દ્વારા આગામી તા.૧૫ એપ્રિલથી ૫ મે



સુધી તમામ જીલ્લા/મહાનગરમાં આગામી લોકસભા ચૂંટણી દરમ્યાન વિશેષ પ્રચાર-પ્રસાર અભિયાન હાથ ધરવામાં આવશે.

વધુમાં વિજયભાઈ કોરાટએ જણાવ્યું હતું કે, ગુજરાતભરમાં કિસાન મોરચા દ્વારા વિવિધ કાર્યક્રમો હાથ ધરી કિસાનોનો સંપર્ક કરવામાં આવશે. જેમાં તા.૧૫ એપ્રીલથી ૨૦ એપ્રિલ સુધી નમો કિસાન સપોર્ટસ (કિસાન એમ્બેસેડર) સરકારની યોજનાના લાભાર્થી ખેડૂતો પોતાની વાત ફેસબુક, સોશીયલ મીડીયા ઉપર મુકશે. તા.૨૧ એપ્રિલથી ૩૦ એપ્રિલ સુધી ગુજરાતભરના ૧૮૦૦૦ જેટલા ગામડાઓમાં જઈને ખાટલા બેઠક યોજવામાં આવશે અને કેન્દ્ર અને રાજ્ય સરકારે કિસાન હિતલક્ષી કરેલ કામગીરીને કિસાનો સમક્ષ મુકવામાં આવશે. તા.૨૧ એપ્રિલથી ૩૦ એપ્રિલ સુધી જીલ્લા કક્ષાએ પ્રગતીશીલ, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોની બેઠકો કરવામાં આવશે. તા.૦૧ મેથી ૦૫ મે સુધી વિધાનસભા સ્તરે ખેડૂત સંમેલનો કરવામાં આવશે.

# પેડક રોડ પર સેટેલાઈટ ચોક પાસે યુવાન પર ત્રણ શખ્સોનો છરી વડે હુમલો

## પટેલનગરમાં યુવાને ઝેરી દવા પી લેતા સારવારમાં ખસેડાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવા રોડ ઉપર આવેલા રોહિદાસપરામાં રહેતો યુવાન પેડક રોડ ઉપર આવેલ સેટેલાઈટ ચોક પાસે હતો. ત્યારે ત્રણ શખ્સોએ નજીવા પ્રશ્ને ઝઘડો કરી છરી વડે હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવાનને સારવાર માટે ખસેડાયો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત કુવાડવા રોડ ઉપર આવેલા રોહિદાસપરામાં રહેતો ગૌતમ દેવજીભાઈ મકવાણા નામનો ૨૩ વર્ષનો યુવાન પેડક રોડ ઉપર આવેલ સેટેલાઇટ ચોક પાસે હતો. ત્યારે રાત્રીના બારેક વાગ્યાના અરસામાં આકાશ અને ભગત સહિતના શખ્સોએ નજીવા પ્રશ્ને ઝઘડો કરી છરી વડે હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવાનને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં કોઠારીયા રોડ ઉપર આવેલા નીલકંઠ પાર્કમાં રહેતા મોહિત કાંતિભાઈ દુધાત્રા નામનો ૩૬ વર્ષનો યુવાન બપોરના ચારેક વાગ્યાના અરસામાં પટેલનગરમાં આવેલા મારુતિ ટાઈલ્સ નામના કારખાનામાં હતો ત્યારે ફિનાઈલ પી લીધું હતું. યુવાનને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો પ્રાથમિક પૂછપરછમાં મોહિત દુધાત્રાના પિતા મારુતિ ટાઇલ્સ નામના કારખાનામાં કામ કરે છે અને મોહિત દુધાત્રા બહારથી ઝેરી દવા પીને કારખાનામાં કામ કરતા પિતા પાસે પહોંચ્યો હતો અને પિતાને દવા પીધી હોવાની જાણ કરતા સારવારમાં ખસેડાયો હોવાનું જાણવા મળ્યું છે. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# કાલાવડના ઉમરાળા ગામે પરિણીતાનો ઝેરી દવા પી આપઘાતઃ અરેરાટી

## શ્રમિક દંપતિ વચ્ચે ઝઘડો થતાં પત્નીએ અંતિમ પગલું ભર્યુંઃ પરિવારનો માળો પિખાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ તાલુકાના ઉમરાળા ગામે મજૂરી અર્થે આવેલા શ્રમિક દંપતિ વચ્ચે ઝઘડો થતા પરિણીતાએ ઝેરી દવા પી લીધી હતી. પરિણીતાએ રાજકોટ સારવારમાં દમ તોડતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

કાલાવડ તાલુકાના ઉમરાળા ગામે પરિવાર સાથે મજૂરી વર્ષે આવેલી સંતોષબેન દુર્ગારામ દેવડા નામની ૪૩ વર્ષની પરિણીતાએ ગત તા.૧૨ ના રોજ રાત્રીના નવેક વાગ્યાના અરસામાં ભીખુભાઈની વાડીએ હતી ત્યારે કોઈ અગમ્ય કારણસર ઝેરી દવા પી લીધી હતી. પરિણીતાને ઝેરી અસર થતા બેભાન હાલતમાં તાત્કાલિક સારવાર માટે ઉપલેટા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી જ્યાં તેણીની તબિયત નાજુક જણાતા વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન પરિણીતાએ હોસ્પિટલના બિછાને દમ તોડી દેતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. આ અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે કાલાવડ તાલુકા પોલીસને જાણ કરતા કાલાવડ તાલુકા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. અને પોલીસે જરૂરી કાર્યવાહી કરી પરિણીતાના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મેડિકલ કોલેજ ખાતે ખસેડયો હતો.


પ્રાથમિક પૂછપરછમાં મૃતક સંતોષબેન દેવડા પરિવાર સાથે ઉમરાળા ગામે ૧૫ દિવસ પહેલા જ કૂવો ગાળવા માટે આવ્યા હતા અને દંપતિ વચ્ચે ઝઘડો થતા સંતોષબેન દેવડાએ ઝેરી દવા પી જીવન ટૂંકાવી લીધું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે કાલાવડ તાલુકા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# આવતીકાલે રામનવમીએ ઇસ્કોન મંદિર ખાતે ૨૧મોં બ્રહ્મોત્સવ ઉજવાશે

## ૨૧૦૦ કિલો સુગંધિત ફૂલોથી ભગવાન રામચંદ્રનો પુષ્પ અભિષેક, ભાવિકો માટે ભંડારા પ્રસાદનું આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આ વર્ષે તારીખ ૧૭ એપ્રિલ બુધવાર ના રોજ રામનવમી નો તહેવાર આવે છે. શહેર ના કાલાવડ રોડ પર સ્થિત ઇસ્કોન મંદિર રાજકોટ નો રામનવમી ના દિવસે ૨૧મોં બ્રહ્મોત્સવ ઉજવવા જઈ રહ્યો છે. આ અંગે માહિતી આપતા ઇસ્કોન મંદિર રાજકોટ ના પ્રમુખ વૈષ્ણવસેવા પ્રભુજી જણાવે છે કે આ વર્ષે રામનવમી એ એક વિશેષ ખુશીનું કારણ છે કારણ કે આ વર્ષે આશરે ૫૦૦ વર્ષ પછી ભગવાન શ્રી રામની અયોધ્યામાં પોતાની જન્મભૂમિ ખાતે મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા થઈ ચૂકી છે એટલે દેશભરમાં એક અનેરો ઉત્સાહ રામનવમી લઈને જોવા મળી રહ્યો છે. આ વર્ષે રામનવમી ના દિવસે ઇસ્કોન મંદિર રાજકોટ, દ્વારા ભગવાન



શ્રી રામચંદ્ર ના અવિર્ભાવ તેમજ મંદિર ના ૨૧માં બ્રહ્મોત્સવ ની એમ બેવડી ખુશી મનાવવા જઈ રહ્યું છે.

ઇસ્કોન મંદિર રાજકોટ ખાતે ભગવાન શ્રી શ્રી સીતારામ લક્ષ્મણ હનુમાનજી નો રામ દરબાર પણ આવેલ છે માટે ઇસ્કોન મંદિર દ્વારા આ વર્ષે રામનવમી ના પર્વ ની ખૂબ જ ઉલ્લાસ પૂર્વક ઉજવણી કરવામાં આવશે. આ માટે રાજકોટ ની જનતા માટે અનેક સુંદર કાર્યક્રમો નું આયોજન કરવામાં આવેલ છે. સાંજે ૪ થી ૬ ભક્તિમય અને સુમધુર કીર્તન, ૫૬ ભોગ દર્શન સાંજે ૪ થી ૭:૩૦ વિશેષ ભગવાન શ્રીરામ ની આરતી અને સાંજે ૮:૦૦ વાગે ૨૧૦૦ સલ વિવિધ પ્રકાર ના સુગંધિત ફૂલો થી ભગવાન શ્રી રામચંદ્ર નો પુષ્પ અભિષેક નું આયોજન કરવામાં આવેલ છે. સાંજે ૫ વાગ્યાં થી સર્વ દર્શનાર્થીઓ માટે ફરાળી મહાપ્રસાદ નું આયોજન કરવામાં આવેલ છે. રામનવમી ના દિવસે જે લોકો કાર, બાઈક અને વાહન લઇને આવે એના માટે મંદિરની બાજુ ના મેદાનમાં માં કાર, બાઈક ના વિશેષ પાર્કિંગ ની વ્યવસ્થા કરવામાં આવેલ છે જેથી દર્શનાર્થીઓ ને પાર્કિંગની કોઈ સમસ્યા નડે નહી. આથી, આ કાર્યક્રમો નો લાભ લેવા અને મહાપ્રસાદ લઇ ને ભગવાન શ્રી રામ ની કૃપા પ્રાપ્ત કરવા માટે રાજકોટ ની ધર્મપ્રેમી અને ઉત્સવપ્રેમી જનતા ને મંદિરે પધારવા માટે નું ભાવભર્યું આમંત્રણ છે.

# સરગમ કલબ અને રાજકોટ એકબીજાની ઓળખ બની ગયા છે

## પુરુષોત્તમભાઈ રૂપાલા, વજુભાઈ વાળા, વૈષ્ણવ સંપ્રદાયના દ્વારકેશ બાવાશ્રી, સાંઈરામ દવે સહિતના વિવિધ ક્ષેત્રના મહાનુભાવોની ખાસ ઉપસ્થિતિ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

છેલ્લા ચાર દાયકા કરતાં પણ વધુ સમયથી વિવિધ ક્ષેત્રે સેવાકીય પ્રવૃત્તિ કરી રહેલી સરગમ ક્લબની વાર્ષિક સાધારણ સભા હેમુગઢવી નાટ્ય ગ્રુહમાં મળી હતી જેમાં ગત વર્ષના હિસાબોને બહાલી આપવામાં આવી હતી સાથોસાથ નવા હોદ્દેદારો તેમજ નવા પ્રોજેક્ટની જાહેરાત પણ કરવામાં આવી હતી. આ વાર્ષિક સાધારણ સભામાં કેન્દ્રીય મંત્રી અને ભાજપના રાજકોટના ઉમેદવાર પુરુષોત્તમભાઈ રૂપાલા, પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, સંસદ સભ્ય મોહનભાઈ કુંડારીયા, રાજ્ય સભાના સભ્ય રામભાઈ મોકરીયા, મેયર નયનાબેન પેઢડીયા, ભાજપના અગ્રણી ધનસુખભાઈ ભંડેરી ઉપરાંત વિવિધ ક્ષેત્રના અનેક મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

નવા વર્ષે નોંધાયેલા સભ્યો અંગે માહિતી આપતા પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાએ કહ્યું હતું કે, ૨૦૨૪-૨૫ માં ૧૩ હજાર સભ્યો નોંધાયા છે જેમાં જેન્ટ્સ કલબમાં ૩૦૦, સિનીયર સિટીઝન કલબમાં ૧૩૦૦, લેડીઝ કલબમાં ૨૦૦૦, ચિલ્ડ્રન કલબમાં ૨૨૦૦, કપલ કલબમાં ૪૦૦૦ અને ઇવનિંગ પોસ્ટમાં ૧૦૦૦ સભ્યોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સરગમ પરિવારમાં દાતાઓ, અધિકારીઓ, પ્રેસ-મીડિયા, બેન્કના ડીરેક્ટરો, રાજકીય અગ્રણીઓ અને કર્મચારીઓ મળીને કુલ ૧૦૦૦ સભ્યો છે.

સરગમ ક્લબ ની વાર્ષિક સાધારણ સભા મળેલ આ કાર્યક્રમમાં જે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા આ સભા માં પરસોતમભાઇ રુપાલા, વજુભાઇ વાળા, મોહનભાઇ કુડારીયા, રામભાઇ મોકરીયા ધનસુખભાઇ ભંડેરી, નયનાબેન પેઢડીયા, સાઇરામભાઇ દવે ગીજુભાઇ ભરાડ, પુજ્ય દ્વારકેશ બાવાશ્રી, હરેશભાઈ લાખાણી ખોડીદાસભાઇ પટેલ, સ્મીતભાઇ પટેલ, પરસોતમભાઇ કમાણી, છગનભાઇ ગઢીયા, રાકેશભાઇ પોપટ, રાજદીપસીંહ જાડેજા, તાબેન તન્ના જય શ્રી બેન સેજપાલ જયોતીબેન રાજયગુરુ આશાબેન શાહ ચંદીકાબેન ઘામેલીયા ડો ચંદાબેન શાહ નીલુબેન મહેતા ડો માલાબેન કુડલીયા અલકાબેન કામદાર જશુમતીબેન વસાણી ગીતાબેન હીરાણી ડો અલ્કાબેન ઘામેલીયા, દેવાંશીબેન શેઠ વગેરે મહાનુભાવો હાજર રહેલ આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોફેસર જ્યોતિબેન રાજ્યગુરુએ કર્યું હતું.

# દ્વારકાના દરિયા કાંઠેથી બિનવારસુ ચરસનો જથ્થો ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

દ્વારકાના દરિયા મારફતે હેરાફેરી થતા અગાઉ ઝડપાયેલા તોતિંગ ડ્રગ્સ બાદ આજરોજ ચઢતા પહોરે પોલીસને દરિયાકાંઠા વિસ્તારમાંથી રૂપિયા ૪૪.૮૫ લાખની કિંમતનો ચરસનો જથ્થો મળી આવ્યો છે. જો કે આ માદક પદાર્થ મંગાવનારા તથા સપ્લાયરો પોલીસને ન મળી આવતા આ અંગે એસ.ઓ.જી. પોલીસે ધોરણસર ફરિયાદ નોંધાવી છે.

આ સમગ્ર પ્રકરણ અંગે પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લા સ્પેશિયલ



ઓપરેશન ગ્રુપ.એસ.ઓ.જી. દ્વારા ગતરાત્રિના હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન દ્વારકા વિસ્તારમાં આવેલા શાંતિનગર ખાતેની એક હોટલ નજીકના બીચની સામેના દરિયાકાંઠા નજીક પહોંચતા રાત્રિના આશરે ૨ વાગ્યાના સમયે પોલીસને એક પ્લાસ્ટિકનું પારદર્શક બોક્સ સાંપળ્યું હતું. આથી પોલીસે આ બોક્સની તપાસ કરતા તેમાં રહેલો પદાર્થ ચરસ હોવાનું ખુલવા પામ્યું હતું.એસ.ઓ.જી.ના ઇન્ચાર્જ પી.આઈ. પી.સી. સીંગરખીયા તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવેલી આ કામગીરીમાં આ પ્લાસ્ટિકના પારદર્શક બોક્સમાં રહેલું ૮૯૭ ગ્રામ ચરસ પોલીસે કબજે લીધું છે. આ ચરસની કિંમત ૪૪,૮૫,૦૦૦ ગણવામાં આવી છે. જો કે આ સ્થળે પોલીસને કોઈ આરોપી મળી આવ્યો ન હતો. આ અંગેની પ્રાથમિક તપાસમાં કોઈ શખ્સ દ્વારા આ ચરસનો જથ્થો મંગાવી, અને પોલીસના ચેકિંગ દરમિયાન હેરાફેરી કરતા પકડાઈ જવાના બીકે ચરસનો આ જથ્થો દરિયામાં અથવા દરિયા કાંઠે બિનવારસુ હાલતમાં છોડી દેવામાં આવ્યો હતો.આમ, આશરે રૂપિયા ૪૫ લાખ જેટલી કિંમતનો ૮૯૭ ગ્રામ ચરસનો જથ્થો પોલીસે કબજે લઈ અને આ પ્રકરણમાં સંડોવાયેલા શખ્સ સામે એસ.ઓ.જી.ના ઈન્ચાર્જ પી.આઈ. પી.સી. સીંગરખીયાએ દ્વારકા પોલીસ મથકમાં એનડીપીએસ એક્ટ હેઠળ ધોરણસર ફરિયાદ નોંધાવી છે. આ સમગ્ર પ્રકરણ અંગે દ્વારકાના ડીવાયએસપી સાગર રાઠોડના માર્ગદર્શન હેઠળ આગળની તપાસ દ્વારકાના પી.આઈ. ટી.સી. પટેલ દ્વારા હાથ ધરવામાં આવી છે.

આ તમામ રેઈડ કામગીરી દરમિયાન પી.આઈ. સીંગરખીયા સાથે જગદીશભાઈ કરમુર, અશોકભાઈ સવાણી, સ્વરૂપસિંહ કેસરિયા, કૃષ્ણરાજસીંહ જાડેજા ઉપરાંત દ્વારકાના પી.આઈ. તુષાર પટેલ પણ જોડાયા હતા. આ સમગ્ર પ્રકરણ અંગે પોલીસ દ્વારા સપ્લાયરોની તપાસ સંદર્ભે વિવિધ દિશાઓમાં કામગીરી હાથ ધરવામાં આવી છે.

# વર્તમાન ભારતની સશક્ત નારી તરીકે તમામ મહિલાઓએ પોતાના મતાધિકારનો અવશ્ય ઉપયોગ કરવો જોઈએઃ નિશા ચૌધરી

## કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સ્નેહમિલન માં મહિલાઓએ મહત્તમ મતદાન કરવાનો સંકલ્પ કર્યોઃ મતદાન જાગૃતિ લાવવાનો નવતર અને અનોખો પ્રયાસ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકશાહીના સૌથી મોટા પર્વ ચૂંટણીમાં વધુને વધુ મતદાન થાય તે માટે ચૂંટણી તંત્ર સતત પ્રયાસો કરી રહ્યું છે. આગામી તારીખ ૭ મેના રોજ ગુજરાતની તમામ ૨૬ લોકસભા સીટો પર મતદાન થશે. ગત ચૂંટણી કરતા આ વખતે મતદાનની ટકાવારી વધે તેવા પ્રયત્નોના ભાગરૂપે દેશવાસીઓને લોકસભા ચૂંટણી અન્વયે મતદાન અંગે જાગૃત કરવામાં આવી રહ્યા છે.

૬૯-રાજકોટ (પશ્ચિમ) વિધાનસભા મતદાર વિભાગમાં સમાવિષ્ટ શ્રી જે. એચ. ભાલોડીયા વુમન્સ કોલેજ દ્વારા વર્ષ ૧૯૯૧ થી લઈને ૨૦૨૪ સુધી અભ્યાસ કરી ચૂકેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન નું આયોજન કરવામાં આવેલ હતું. આ સ્નેહમિલનમાં આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માં મહિલાઓ મહત્તમ પ્રમાણમાં મતદાન કરે તેના ભાગરૂપે મતદાર નોંધણી અધિકારીશ્રી અને પ્રાંત અધિકારીશ્રી રાજકોટ શહેર-૨ સુશ્રી નિશા ચૌધરીના માર્ગદર્શન હેઠળ Signature campaign નું આયોજન કરવામાં આવ્યું.

સુશ્રી નિશા ચૌધરી(ઈઅજ) એ કહ્યું હતું કે, લોકતંત્રમાં મતદાતા જ પાયાનો ઘટક છે. લોકતંત્ર એટલે લોકો વડે, લોકો માટે, લોકો દ્વારા ચાલતી વ્યવસ્થા. લોકશાહીમાં લોકોના એક -એક મતનું સવિશેષ મહત્વ છે. તમામ નાગરીકે મતદાન પ્રક્રીયામાં ભાગ લેવો જોઈએ. તટસ્થ અને નિર્ભીક રીતે મતદાન કરીને લોકશાહીને વધુ મજબુત બનાવવી જોઈએ. વર્તમાન ભારતની સશક્ત નારી તરીકે તમામ મહિલાઓએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરવો જોઈએ.

કાર્યક્રમમાં ઉપસ્થિત શિક્ષકો અને કોલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓએ લોકશાહીના મહાપર્વ સમયે દેશની લોકશાહીને વધુ મજબુત કરવા માટે મતદાન કરવાની અને કરાવવાની પ્રતિજ્ઞા લીધી હતી. મતદાન જાગૃતી અંતર્ગત યોજાયેલા સિગ્નેચર કેમ્પેઈનમાં વિદ્યાર્થિનીઓએ હોંશભેર ભાગ લીધો હતો.

# ઉપલેટા તાલુકાના કેરાળા અને રાજપરા ગામે ચુનાવ પાઠશાલાનું આયોજન કરાયું

## મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત વકતૃત્વ અને ક્વીઝ સ્પર્ધા યોજાઈઃ રેલી થકી બાળકોએ આપ્યો ''અચૂક મતદાન''નો સંદેશ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં આગામી તા. ૭ મે ૨૦૨૪ના રોજ મતદાન યોજાશે. લોકશાહીના મહાપર્વમા રાજકોટ જિલ્લાના વધુને વધુ મતદારો મતદાન કરી પોતાની નૈતિક ફરજ બજાવે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ કાર્યક્રમો યોજી લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે. સ્વીપના નોડલ તથા અધિક કલેકટર શ્રી જિજ્ઞાસા ગઢવીના માર્ગદર્શન હેઠળ ઉપલેટા તાલુકાના કેરાળા અને રાજપરા ગામે ચુનાવ પાઠશાલાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અન્વયે મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત રેલી, વક્તૃત્વ સ્પર્ધા, ક્વીઝ સ્પર્ધા તથા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા મોટી સંખ્યામાં ભાગ લઈ ''મતદાન આપણી પવિત્ર ફરજ'', ''લોકશાહીનું મહાપર્વ ચૂંટણી'' જેવા વિષયો પર સમૂહ ચર્ચા કરવામાં આવી હતી તથા વિદ્યાર્થીઓએ ''મતદાન મારો ધર્મ'', ''હું તો મતદાન કરીશ જ'' જેવા વિષયો પર વકતૃત્વ આપ્યું હતું. કાર્યક્રમમાં સરકારી શાળાએથી રેલી કાઢવામાં આવી હતી. ગામના નાગરિકોને મતદાન કરવા માટે માર્ગદર્શન આપી, ગામના વરિષ્ઠ મતદારો પણ અવશ્ય મતદાન કરે તે માટે સમજુત કરવામાં આવ્યા હતા. રેલી દ્વારા શાળાના વિદ્યાર્થીઓએ ગ્રામજનોને અવશ્ય મતદાન કરવાનો સંદેશો આપ્યો હતો. વિદ્યાર્થીઓએ મતદાન શપથ ગ્રહણ કરી પોતાના પરિવારજનોને મતદાન કરવા પ્રેર્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, હાલ આગામી લોકસભા ચૂંટણી-૨૦૨૪ અનુસંધાને સ્વીપ દ્વારા વધુ ને વધુ લોકોને ''મતદાન એ મહાદાન''નો મંત્ર આપી દેશના મહાપર્વમા યોગદાન આપવા જાગૃત કરવામાં આવી રહ્યા છે.

